# સાહિત્ય અને તરંગ

ધીરુ પરીખ

મનુષ્યનાં મન અને મગજમાં જે ભાવ-સ્પંદન અને વિચાર-ચિંતન ઉત્પન્ન થાય છે, કહો કે નિષ્પન્ન થાય છે તેને તે જ્યારે કલાત્મક રીતે ભાષામાં વ્યક્ત કરે છે ત્યારે સાહિત્યસર્જન થયું ગણાય છે. ભાષાને એટલે કે સાહિત્યસર્જનની ભાષાને કલાત્મક બનાવવામાં કલ્પનાશીલતા એક મહત્ત્વનું અંગ છે.

આ બાબતે પૂર્વ અને પશ્ચિમમાં સાહિત્યચિંતકોએ અવારનવાર વિચાર કર્યો છે. આ કલ્પના વિચારો સાથે સંકળાયેલી છે. અંગ્રેજી સાહિત્યમાં આ તરંગ એટલે કે 'ફૅન્સિ' (Fancy) અને કલ્પના એટલે કે ઇમેજિનેશન (Imagination)ની વિસ્તૃત ચર્ચા અંગ્રેજી કાવ્યસાહિત્યના રોમૅન્ટિક યુગના કવિ કૉલરિજે તેમના ગ્રંથ 'બાયોગ્રાફિઆ લિટરેરિઆ' (Biographia Literaira)માં કરી છે. તે પૂર્વે પ્લૅટો અને ઍરિસ્ટોટલે પણ આ વિષયની વિચારણા કરી હતી. પ્લૅટોએ તો કવિઓને (વિશાળ અર્થમાં સાહિત્યસર્જકોને) પોતાની કલ્પનાના 'આદર્શ નગરરાજ્ય'માં હાંકી કાઢ્યા હતા, કારણ કે તેઓ કાલ્પનિક સૃષ્ટિનું સર્જન કરી ખોટી વાતો ફેલાવનારા છે ! ઍરિસ્ટૉટલે એમાં જરા ઉદાર મંતવ્ય અપનાવી કલ્પનાજન્ય સાહિત્યસર્જનને પ્લૅટોની માફક તિરસ્કાર્યું નહોતું.

નવ્ય-પ્લેટોવાદે થોડી ઉદારતા દાખવી આ કલ્પનાના પ્રથમ ઉન્મેષાંગ જેવા તરંગનો પણ સ્વીકાર કર્યો જેને કૉલરિજે વ્યવસ્થિત અને વિગતપૂર્ણ રીતે પોતાના ઉક્ત ગ્રંથમાં ચર્ચ્યો. એના આ પ્રસિદ્ધ ગ્રંથ (બાયોગ્રાફિઆ લિટરેરિઆ)નું પેટા શીર્ષક એણે આપ્યું હતું : 'બાયોગ્રાફિકલ સ્કેચીઝ ઑફ માઇ લિટરરી લાઇફ ઍન્ડ ઓપિનિઅન્સ' (Biographical Sketches of My Literary Life and Opinions). આ શીર્ષક દ્વારા એણે પોતાના સાહિત્યિક જીવન અને અભિપ્રાયોના સંદર્ભમાં કેટલાંક જીવનચરિત્રાત્મક રેખાચિત્રો રજૂ કર્યાં છે, જેમાં તેણે આ તરંગ અને કલ્પના (Fancy and Imagination) વિશે પોતાના વિચારો વિગતે ચર્ચ્યા છે. એમાંય પોતાના સમકાલીન કવિ વિલિયમ વર્ડ્ઝવર્થની કવિતાને મુખ્યત્વે કેન્દ્રમાં રાખીને પ્રસ્તુત મુદ્દાની સવિગત છણાવટ કરી છે. એણે પોતાના વ્યક્તિત્વના એક પાસા એવા તત્ત્વેત્તાની આ પ્રમાણે જિકર કરી છે :

'No man was ever yet a great poet without being at the same time a profound philosopher.' (કોઈ વ્યક્તિ તત્ત્વવેત્તા બન્યા વગર એ જ કાળે મહાન કવિ હોતો નથી.) ઈ. સ. ૧૭૭૫/૭૬ની આસપાસ જ્યારે વર્ડ્ઝવર્થનું કાવ્યપઠન સાંભળ્યું ત્યારે કૉલરિજે કલ્પનાનાં બે રૂપ પ્રકટ કર્યાં અર્થાત્ એ બાબતે પોતાના વિચારો

આ પ્રમાણે જણાવ્યા :

'... Fancy and Imagination were two distinct and widely different faculties, instead of being, according to the general belief, either two names with one meaning, or, at furthest, the lower and higher degree of one and the same power.'

(તરંગ અને કલ્પના વિભિન્ન અને વિશાળ અર્થમાં બંને જુદી બાબતો છે, સામાન્ય માન્યતા પ્રમાણે એક અર્થના બે પર્યાયો હોવાની બાબત, અથવા બહુ બહુ તો એક જ શક્તિના વધતાઓછા પ્રમાણમાંનાં એ નામો છે.)

કૉલરિજે અઢારમી સદીની કવિતાના પરિપ્રેક્ષ્યમાં કલ્પના વિશેના વિચારો ખામીભરેલા હોવાની વાત કરી છે. આ એમની દૃષ્ટિએ તે વખતના કેટલાક કવિઓની કવિતામાં તરંગલીલા તરીકે જ જોવા મળે છે, જેને સામાન્ય રીતે તેઓએ કલ્પના કહી છે. જ્યારે કૉલરિજ પ્રથમ વાર વર્ડ્ઝવર્થને મળ્યા ત્યારે તેઓ લોક (Locke) અને હાર્ટલી (Hartley)ની તત્ત્વવિચારણાના પ્રભાવમાં હતા અને તેથી તેઓ કલ્પનાને જ સર્વસ્વ માનતા હતા, પણ પછી મનના-મગજના વિચારને જુદી રીતે મૂલવવા લાગ્યા. પછી એમના ઉક્ત પુસ્તકના દસમા પ્રકરણમાં જણાવે છે :

'I have cautiously discriminated the terms, the reason and the understanding, encouraged and confirmed by the authority of our genuine divines and philosophers, before Revolution.'

(મેં સાવધાનીપૂર્વક આ પદોને છૂટાં પાડી બતાવ્યાં છે, બુદ્ધિ અને સમજ, જેને આપણા સાચા દેવો અને તત્ત્વવેત્તાઓ ક્રાંતિ પૂર્વે અધિકારપૂર્વક સમજતા હતા.)

અહીં કવિતાક્ષેત્રની ૧૬૮૮ની ક્રાંતિકારી વિચારસરણીનો નિર્દેશ છે. ત્યારે બધું 'કલ્પના' શબ્દમાં સમાઈ જતું હતું. પરંતુ કૉલરિજે જેને સામાન્ય રીતે 'કલ્પના'થી ઓળખવામાં આવે છે તેને પ્રાથમિક અને દ્વૈતિયિક એમ બે પ્રકારે વિભક્ત કરીને તરંગ-તુક્કા અને કલ્પનાવિહારની ચર્ચા કરી છે.

તે જણાવે છે કે આ 'પ્રાથમિક' કલ્પનામાં તે તરંગનો સમાવેશ કરે છે, અને દ્વૈતિયિકમાં કલ્પનાને ગણાવે છે. આ સ્પષ્ટતા કૉલરિજ ૧૭૯૮માં વર્ડ્ઝવર્થ દંપતી સાથે તેમના 'લિરિકલ બૅલાડ્ઝ' (Lyrical Ballads)ની આવૃત્તિ મુદ્રિત થતી હતી ત્યારે જર્મની ગયેલા. અને ત્યાં જર્મન તત્ત્વવેત્તાઓ – ખાસ કરીને કૅન્ટ (Kant) અને શેલિંગ (Schelling)ના પ્રભાવ તળે કૉલરિજે પોતાના આ 'કલ્પના' વિશેના સિદ્ધાન્તને ખૂબ ચકાસ્યો અને નવા સંદર્ભે રજૂ કર્યો તેમાં કલ્પનાના ઉપરોક્ત બે ભાગ – પ્રાથમિક અને દ્વૈતિયિક – વિશે વિગતે વિચારણા કરીને પોતાનો નિષ્કર્ષ આપ્યો છે. જોકે ત્યાંની સર્વેશ્વરવાદ (pantheism)ની તત્ત્વવિચારણા કૉલરિજને માફક આવી લાગતી નથી.

એમણે ૧૮૦૨ના સપ્ટેમ્બર માસમાં વિલિયમ સોથબી (William Sotheby)ને પત્રમાં જણાવ્યું છે કે – ગ્રીસના ધાર્મિક કવિઓ અને ઓલ્ડ ટેસ્ટામેન્ટમાં માનનારા હિબ્રૂ કવિઓ તેમની માન્યતા અને અભિવ્યક્તિમાં ભિન્ન ભિન્ન છે. આ મુદ્દાની ચોખવટ કરતાં કૉલરિજ જણાવે છે કે ગ્રીક લેખકો તરંગવાદી હતા જ્યારે હિબ્રૂ કવિઓ કલ્પનાશક્તિથી લખનારા સર્જકો હતા. આટલી પ્રાથમિક ચર્ચા પછી કૉલરિજ તરંગ વિશેની વાત ચર્ચે છે. ત્યારબાદ પોતાના, અત્રે નિર્દિષ્ટ, પુસ્તકના તેરમા પ્રકરણમાં તે તરંગ (facny) વિશે પોતાનો વિચાર આ પ્રમાણે વ્યક્ત કરે છે :

'The fancy... is indeed no other than a mode of memory emancipated from the order of time and space.'

(સમય અને સ્થળથી મુક્ત એવી સ્મૃતિના પ્રકાર સિવાય તરંગ બીજું કશું જ નથી.)

કૅન્ટે કલ્પનાના ત્રણ સ્તર કે ત્રણ પ્રકારો વર્ણવ્યા છે. એમાંનો પહેલો પ્રકાર તે તરંગ છે. આને કૅન્ટ નવ્યોપાદક કલ્પના (reproductive imagination) કહે છે. આમ, કલ્પનામાંથી કંઈક નવો તરંગ પેદા થાય છે. આ તરંગ એ જ ફૅન્સી છે. વર્ડ્ઝવર્થે ત્યંગ વિશે પોતાનો અભિપ્રાય આ પ્રમાણે વ્યક્ત કર્યો છે :

'Facny, as she is a active, is also, under her own laws and in her own spirit, a creative faculty.'

(તરંગ સક્રિય છે તેથી કરીને તે પોતાના નીતિનિયમોને વશ છે અને પોતાની તાકાત પર જીવે છે, જે સર્જનાત્મક વૃત્તિ છે.)

તરંગમાં વાસ્તવની વિગતો ભળેલી તો હોય છે, પણ સાથે સાથે તેમાં આકસ્મિક એવી માનસલીલા પણ ભળેલી હોય છે અને કૉલરિજ હકીકતોની વાત કે બાબત – 'a matter-of-factness' – ગણાવે છે. આવી હકીકતો પર આધારિત બધી જ બાબતો કે વર્ણનો-નિરૂપણો કલ્પના ન રહેતાં તરંગ બની જાય છે. વર્ડ્ઝવર્થમાં કલ્પનાવિહારની ઊંચાઈ સાથે સાથે લપસણી તરંગલીલા પણ છે એમ કૉલરિજ તારણ કાઢીને તરંગ અને કલ્પના વચ્ચેની ભેદરેખા આંકી બતાવે છે. તરંગમાં તત્કાલ ઊઠતી ઉચ્ચ ભવ્ય કલ્પનાવલિ કરતાં ગોઠવેલી વર્ણનકલાની તાસીર આગળ પડતી હોય છે. બાહ્ય જગતની વાસ્તવિકતા સાથે તરંગલીલા એકરૂપતા સાધતી નથી. આમ, તરંગ એ ઉચ્ચ કલ્પનાની આડપેદાશ જેવી સર્જનલીલા બની રહે છે. બાહ્ય જગત અને તેની ચિત્ત પર પડેલી અસરની સમરસતા કે એકરૂપતા તરંગમાં જોવા મળતી નથી. એમાં શક્તિશાળી સંવેદનની તત્કાલ ઊઠતી હૃદયછાપ નથી, પરંતુ વિચારના ચોકઠામાં પુરાયેલી ગોઠવણીપૂર્વકની ભાત છે. આ માટે એક ઉદાહરણ જયન્ત પાઠકના કાવ્ય 'આદિમતાની એક અનુભૂતિ'માંથી મૂકું છું :

**‘હું આવું છું પાછો, બહુ દિન પછી, ઘેર : વનમાં,**
**ઉતારી નાખું છું વસન પુરનાં સભ્ય જનનાં;**
**પહેરી લૌં લીલું પટ ઊડતું વાતા પવનમાં,**
**હું આદિવાસી-શો ફરું અસલ વાતાવરણમાં.’**

તો વળી એક બીજું ઉદાહરણ કિશોરસિંહ સોલંકીની કાવ્યરચના ‘વૃક્ષ’માંથી આપું છું :

**‘વૃક્ષ પોતાની છાયા વેચતું નથી.**
**લોકો તો કહે છે કે એનાં પર્ણોમાં**
**સળવળતા લીલાછમ સાપ છે**
**જેને હાથમાં પકડી શકાતા નથી.’**